ક્રિમીનલ કેસ નંઃ–

**આંક–૧ નીચે હુકમ**

વિ.એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનો તા.૭–૩–૧૯ નો પત્ર હુકમ નં ડીસી/સીટીઝેડ/મેટ્રોકોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ/કેસ પરત/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો. પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અન ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો, સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીગ ફોજદારી કેસોનું ભારણ ઓછુ થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના હિતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમા જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરુ છુ.

**હુ ક મ**

સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નાશ કરવો, સરકાર ખાલસા કરવા, મુદ્દામાલની વચગાળાની કસ્ટડી જેને સોંપેલ છે તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ તા.૦૯/૦૩/૨૦૧૯ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ.
તા.૦૯/૦૩/૨૦૧૯

ઈ.ચા.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર–૧૨, અમદાવાદ.
કોડ નં.જીજે.૦૧૦૫૬.